## નવસારી મહાનગરપાલિકાની આગામી તહેવારોને લઈ કવાયત

# વિરાવળ તળાવના દબાણો દૂર કરો

**મ્યુનિસિપલ** કમિશનરે વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ વિસર્જન વ્યવસ્થાઓની સમીક્ષા કરી

**ગણેશોત્સવ** અને દશામાં વિસર્જન માટે કૃત્રિમ તળાવો બનાવવા તથા ટ્રાફિક-સફાઈ વ્યવસ્થા સુધારવા સૂચના અપાઈ



નવસારી: આગામી તહેવારોને લઈ નવસારી મહાનગરપાલિકાએ શહેરની વ્યવસ્થાઓને ચુસ્ત બનાવવા કામગીરી તેજ કરી છે. મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાયે મંગળવારે અધિકારીઓની ટીમ સાથે શહેરના વિવિધ વિસ્તારોની સ્થળ મુલાકાત લઈ ચાલી રહેલા વિકાસ કામો, સફાઈ, ડ્રેનેજ, દબાણો તેમજ આગામી ગણેશોત્સવ અને દશામાંની વિસર્જન વ્યવસ્થાની સીધી સમીક્ષા કરી હતી.

ચોવીસી પંચાયત કચેરીથી શરૂ થયેલી મુલાકાત દરમિયાન કચેરીના રિ-ડેવલપમેન્ટ કામની પ્રગતિ અંગે કમિશનરે સ્થળ પર જ અધિકારીઓ પાસેથી વિગતો મેળવી જરૂરી સૂચનાઓ આપી હતી. ત્યારબાદ વિરાવળ તળાવની મુલાકાત દરમિયાન તળાવ આસપાસના ગેરકાયદે દબાણો અંગે ગંભીરતા દાખવી તેને તાત્કાલિક દૂર કરવા આદેશ કર્યો હતો. ચોમાસા બાદ તળાવના બ્યુટિફિકેશન અને રિ-ડેવલપમેન્ટ માટેનું આયોજન અત્યારથી તૈયાર કરવા પણ સૂચના આપવામાં આવી હતી.

ગણેશોત્સવને ધ્યાનમાં રાખીને વિરાવળ વિસ્તારમાં ગણેશ પંડાલ માટે જગ્યા લેવલિંગ અંગે આવેલી અરજીઓની પણ સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી. બીજી તરફ પૂર્ણા નદી કિનારે દશામાં અને ગણેશ પ્રતિમાઓના વિસર્જન માટેની વ્યવસ્થાઓની વિગતવાર સમીક્ષા કરાઈ હતી. વિસર્જન દરમિયાન પર્યાવરણને નુકસાન ન થાય તે માટે અગાઉ બનાવવામાં આવેલા ત્રણ કૃત્રિમ નાના તળાવોને એ જ સ્થળે ફરીથી રિ-ડેવલપ કરવા ઈજનેરોને ખાસ સૂચના અપાઈ હતી.

વિસર્જનના દિવસોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડવાની સંભાવનાને પગલે ટ્રાફિક વ્યવસ્થા પર પણ ખાસ ભાર મૂકાયો હતો. ઘાટ સુધી વાહનો સરળતાથી પહોંચી શકે, વાહનવ્યવહાર ખોરવાય નહીં અને ભીડને કારણે ટ્રાફિક જામની સ્થિતિ ન સર્જાય તે માટે માર્ગો અને ટ્રાફિક મેનેજમેન્ટની સ્થળ પર સમીક્ષા કરવામાં આવી હતી.

### ફરિયાદોનો સમયસર નિકાલ કરવા તાકીદ

આ ઉપરાંત કમિશનર અને SWM ટીમે કાશિવાડી તથા રિંગ રોડ વિસ્તારની મુલાકાત લઈ સફાઈ વ્યવસ્થાની પણ ચકાસણી કરી હતી. GVP ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટની સફાઈ, ડ્રેનેજ-ગટર લાઈન અને પેવર બ્લોકની કામગીરીનું નિરીક્ષણ કરી સૂચના આપી હતી. નાગરિકોની ફરિયાદોનો સમયસર નિકાલ થાય તે માટે પણ સંબંધિત વિભાગોને તાકીદ કરવામાં આવી હતી.

# રખડતાં ઢોરના ત્રાસ સામે કોંગ્રેસનું અલ્ટિમેટમ

**10** દિવસમાં ઉકેલ નહીં આવે તો નગરપાલિકા કચેરીએ ઢોર બાંધી ધરણાની ચીમકી


આસીફ શેખ

ધરમપુર : ધરમપુર શહેરમાં રખડતાં ઢોરના વધતા ત્રાસ સામે ધરમપુર તાલુકા કોંગ્રેસ સમિતિએ નગરપાલિકાને અલ્ટિમેટમ આપ્યું છે. કોંગ્રેસના આગેવાનો દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવી રખડતાં પશુઓની સમસ્યાનો તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવવાની માગ કરવામાં આવી હતી. કોંગ્રેસે ચીમકી આપી છે કે, આગામી 10 દિવસમાં યોગ્ય કાર્યવાહી નહીં થાય તો નગરજનો, ગ્રામજનો અને ખેડૂતોને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

કોંગ્રેસના જણાવ્યા મુજબ, ધરમપુરમાં રખડતાં ઢોર રસ્તાઓ પર અડિંગો જમાવી બેસી રહે છે. જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અચાનક રસ્તા વચ્ચે આવી જતાં પશુઓને કારણે અકસ્માતનો ભય પણ સતત રહે છે. રાત્રિના સમયે રખડતાં ઢોર દુકાનો અને શેડમાં ઘૂસી જતાં વેપારીઓને પણ પરેશાની થાય છે. પશુઓ દ્વારા ગંદકી ફેલાતી હોવાથી જાહેર સ્વચ્છતાનો પ્રશ્ન પણ ઊભો થાય છે. બીજી તરફ નગરપાલિકા વિસ્તારને અડીને આવેલા ખારવેલ, બામટી, આસુરા, શેરીમાળ, બિલપુડી અને બારોલિયા સહિતના ગામોમાં રખડતાં પશુઓ ખેડૂતોના ખેતરોમાં ઘૂસી જઈ ઊભા પાકને નુકસાન પહોંચાડતા હોવાની ફરિયાદ પણ કરવામાં આવી છે. પાકના નુકસાનથી ખેડૂતોને આર્થિક ફટકો પડી રહ્યો છે.

આવેદનપત્રમાં સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે કે, 10 દિવસમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો રખડતાં ઢોરને નગરપાલિકા કચેરી ખાતે લાવી બાંધી દેવામાં આવશે અને કચેરી સામે ધરણાં યોજી ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશ પટેલ, મહામંત્રી મુફીદ પઠાણ, તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા દેવું મોકાસી, શહેર કોંગ્રેસ પ્રમુખ અમીત પટેલ, મહામંત્રી રાજા સુરતી, વલસાડ જિલ્લા કોંગ્રેસના ડેલિગેટ ફહીમ બાહનાન સહિત કોંગ્રેસના તાલુકા પંચાયતના સભ્યો રસિક પટેલ, વનીતા બારીયા તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

# કેનેડા વર્ક પરમિટના નામે રૂપિયા ૯.૮૫ લાખની ઠગાઈ

**નવસારીના** ચાર યુવાનો સાથે ઠગાઈ કરી વડોદરાનો કથિત એજન્ટ ઓફિસ બંધ કરી ફરાર

નવસારી: કેનેડાના બે વર્ષના વર્ક પરમિટ અપાવવાની લાલચ આપી નવસારીના ચાર વ્યક્તિઓ પાસેથી કુલ રૂ. 9.85 લાખ પડાવી લીધા બાદ વડોદરાનો કથિત વિઝા કન્સલ્ટન્ટ હિમાંશુ સુરેન્દ્રનાવ રાવ ઓફિસ બંધ કરી ફરાર થયો હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. મામલે નવસારી ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ ફેસબુક પર ‘ESSOR CAPITAL’ની જાહેરાત જોઈને ફરિયાદીઓએ વડોદરાના ગોરવા રોડ ખાતે કથિત એજન્ટનો સંપર્ક કર્યો હતો. કેનેડાના વર્ક પરમિટની પ્રક્રિયાના નામે કલ્પેશકુમાર મિસ્ત્રી પાસેથી રૂ. 1.15 લાખ, બ્રિજેશકુમાર પટેલ પાસેથી રૂ. 1.50 લાખ, હિતેશભાઈ મિસ્ત્રી પાસેથી રૂ. 3.50 લાખ અને દીપકકુમાર મિસ્ત્રી પાસેથી રૂ. 3.70 લાખ મળી કુલ રૂ. 9.85 લાખ બેંક ટ્રાન્સફર તથા રોકડ મારફતે લેવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે.

રકમ લીધા બાદ અપોઈન્ટમેન્ટ લેટર મોકલી વિઝા પ્રક્રિયા ચાલી રહી હોવાનો વિશ્વાસ અપાયો હતો. જોકે લાંબો સમય વીતી જવા છતાં વિઝા ન મળતાં રકમ પરત માંગવામાં આવી હતી. આ દરમિયાન કથિત એજન્ટની વડોદરાની બંને ઓફિસો બંધ મળી આવી હતી. ફોન પર પોતે ઓસ્ટ્રેલિયામાં હોવાનું કહી વાયદા કરતો રહ્યો હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. છેતરપિંડીનો ભોગ બન્યાનો આક્ષેપ કરતા ફરિયાદીઓએ હવે પોલીસ સમક્ષ કથિત એજન્ટને ઝડપી કડક કાર્યવાહી કરવા તથા રૂ. 9.85 લાખ પરત અપાવવાની માંગ કરી છે.

# અંકલાછના ડુંગર પર ૩૦૦ મીટર લાંબી તિરાડ પડતાં ભય

**ચોમાસામાં** જમીન નરમ પડવાથી સર્જાયેલી તિરાડને પગલે ખેડૂતો અને પશુપાલકોની સુરક્ષા સામે જોખમ


નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદા તાલુકાના અંકલાછ ગામે વણઝારવાડી ખાતે આવેલા બાળે ડુંગર પર અતિભારે વરસાદના કારણે જમીન નરમ બન્યા ડુંગર પર તિરાડ પડી હોવાનું ગામના સરપંચ પાસેથી જાણવા મળ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ડુંગર પર પડેલી આ વિશાળ તિરાડ આશરે ૩૦૦ મીટર જેટલી લાંબી હોવાનું જાણવા મળી રહ્યું છે. બાળે ડુંગર પર સ્થાનિક ખેડૂતો ખેતીના કામ માટે અવરજવર કરતા હોય છે. તેમજ પશુપાલકો પોતાના ઢોર-ઢાંખરને ચરાવવા માટે પણ ડુંગર વિસ્તારમાં લઈ જતા હોય છે. હાલ ચોમાસાની ઋતુમાં જમીન નરમ બની ગઈ હોવાથી ડુંગર પર પડેલી વિશાળ તિરાડને પગલે ખેડૂતો અને પશુપાલકોની સુરક્ષાને લઈને ચિંતા ઊભી થઈ છે. ઘટનાની જાણ થતાં વાંસદા ફોરેસ્ટ વિભાગની ટીમ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. જોકે, તિરાડની ગંભીરતા કેટલી છે અને તેના કારણે ડુંગર વિસ્તારમાં કોઈ જોખમ ઊભું થઈ શકે છે કે કેમ ? તે અંગે તંત્ર દ્વારા વધુ તકેદારી પૂર્વક તપાસ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

# ચીખલીના ફડવેલમાં યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમનો ફિયાસ્કો

**રેવન્યુ** તલાટી હાજર ન રહેતા પેઢીનામાં, જાતિના દાખલા સહિતના કામો ન થતા લોકોમાં રોષ


ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકાના ફડવેલમાં ફડવેલ ઉપરાંત કણભઈ, સતાડીયા, સારવણી, અંબાચ, કાકડવેલ સહિતના છ ગામોના લોકો માટે સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આધારકાર્ડ, જાતિ-આવકના દાખલા, આયુષ્યમાન કાર્ડ, રેશનકાર્ડ, જન્મ મરણના દાખલા, ચૂંટણી કાર્ડ, વિધવા વૃધ્ધ પેન્શન સહિત સરકારની ૧૮-જેટલી કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

સેવાસેતુને લઈને અરજદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ સેવાસેતુમાં રેવન્યુ તલાટી હાજર ન હોય પેઢીનામાં જન્મના દાખલા સહિતના કામો થઈ શક્યા ન હતા. આ ઉપરાંત આધારકાર્ડમાં પણ માત્ર મોબાઈલ નંબરના અપડેટથી વિશેષ કોઈ કામગીરી થઈ શકી ન હતી. એ જ રિતે રેશનકાર્ડમાં પણ અમુક મર્યાદિત કામો જ થતા અરજદારોઓએ અટવાવાની નોબત આવી હતી.

સેવાસેતુ કાર્યક્રમની મોટા ઉપાડે જાહેરાત થતી હોય છે. પરંતુ આ રીતે જવાબદાર કર્મચારીઓની વ્યવસ્થા જ તંત્ર ન કરી શકતું હોય તેવામાં આ કાર્યક્રમ એક તમાશો જ રહી જવા પામતો હોય છે. અને જેમાં લોકોએ ધક્કા ખાવાની નોબત આવતી હોય છે.

### મામલતદાર, ટીડીઓને ફોન રણકાવ્યા પણ કોઈ નિરાકરણ નહીં

તલાટી હાજર ન રહેતા સ્થાનિક આગેવાનો દ્વારા મામલતદાર, ટીડીઓ સહિતનાને ફોન રણકાવ્યા હતા. પરંતુ કોઈ નિરાકરણ આવ્યું ન હતું. જોકે રેવન્યુ તલાટીઓની હાલે જે નિમણૂક થઈ છે તે એસએલઆરના તાબામાં હોવાથી સમગ્ર મોકાણ સર્જાઈ હોવાનું જાણવા મળ્યું હતું. વધુમાં સેવાસેતુમાં આ પ્રકારની અવ્યવસ્થાના કારણે સંબંધિત ગામોના સરપંચો પણ અળગા રહ્યા હતા.

### કાર્યક્રમથી સરપંચો પણ અળગા રહ્યા

ફડવેલના પૂર્વ તાલુકા સભ્ય મહેશભાઇના જણાવ્યાનુસાર સેવાસેતુમાં રેવન્યુ તલાટી હાજર ન હોવાથી પેઢીનામાં, જાતિના દાખલા સહિતના કામો થઈ શક્યા ન હતા. આ ઉપરાંત આધારકાર્ડ, રેશનકાર્ડને લગતા કામોમાં પણ અમુક કામો જ થયા હતા. કાર્યક્રમથી સરપંચો પણ અળગા રહ્યા હતા. ત્યારે તંત્ર દ્વારા પૂરતી વ્યવસ્થા બાદ જ આવા કાર્યક્રમો કરવા જોઈએ.

# APK ફાઈલ ડાઉનલોડ કરતા ખાતામાંથી ૨૦ હજાર ‘સફાચટ’

**વાંસદાના** યુવકને ઇન્સ્ટાગ્રામ રીલ્સ જોતી વખતે ‘ટુબી મૂવી’ની અજાણી લિંક પર ક્લિક ભારે પડી

વાંસદા: વાંસદા ગાંધીનગર ફળિયામાં રહેતા અને કપડાની દુકાન ચલાવતા વિનોદ પોપટભાઈ ખારવા (ઉ.વ.૪૩) સાથે સાયબર છેતરપિંડીનો ગંભીર બનાવ સામે આવ્યો છે. ગત ૬ ઓગસ્ટના રોજ તેઓ ગાંધીમેદાન પાસે પોતાની દુકાન પર હતા ત્યારે ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં રીલ્સ જોઈ રહ્યા હતા. તે દરમિયાન તેમને ‘ટુબી મૂવી’ નામની એક અજાણી લિંક જોવા મળી હતી. આ લિંક ખોલીને એપ્લિકેશન ડાઉનલોડ કરવા જતા મોબાઈલમાં ગૂગલ એપીકે પમિર્શન માંગવામાં આવી હતી. તેમણે પરમિશન આપતાની સાથે જ તેમનો મોબાઈલ અચાનક બંધ થઈ ગયો હતો.

લગભગ બે કલાક બાદ મોબાઈલ ફરી ચાલુ થયો ત્યારે કેટલીક એપ્લિકેશનો ઓપન થતી ન હતી. આ દરમિયાન ગૂગલ પે એપ્લિકેશનમાં શંકાસ્પદ એક્ટિવિટી અંગેનો મેસેજ પણ આવ્યો હતો. શંકા જતા તેમણે પોતાના બેંક ઓફ બરોડાના ખાતાનું બેલેન્સ ચેક કરતા રકમ ઓછી હોવાનું જણાયું હતું. બીજા દિવસે બેંકમાં જઈને તપાસ કરાવતા તેમના ખાતામાંથી ૨૦ હજાર રૂપિયા ઉપાડી લેવાયા હોવાનું અને તે રકમ બેંક ઓફ ઇન્ડિયાના અન્ય ખાતામાં જમા થયાની હકીકત સામે આવી હતી.

ફરિયાદીએ આ રકમ કોઈને મોકલી ન હતી તેમજ પોતાના બેંક ખાતાનો ઉપયોગ અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ન થતો હોવાનું સ્પષ્ટ કર્યું હતું. અજાણ્યા ઇસમે મોબાઈલમાં ગેરકાયદેસર પ્રવેશ મેળવી પાસવર્ડ, પિન તથા અન્ય ગુપ્ત માહિતીનો દુરુપયોગ કરી આ ઠગાઈ આચરી હતી. આ અંગે પીડિત યુવકે સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર અને ત્યારબાદ વાંસદા પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે બેંક ખાતા તથા શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનની વિગતોના આધારે અજાણ્યા આરોપીની શોધખોળ શરૂ કરી છે.

### સાયબર સુરક્ષા માટે સાવચેતી

સોશિયલ મીડિયા પર મળતી અજાણી લિંક પરથી કોઈપણ APK ફાઇલ ડાઉનલોડ ન કરવી તેમજ અજાણી એપ્લિકેશનને મોબાઇલની પરમિશન આપતા પહેલાં સાવચેતી રાખવી જરૂરી છે.

# વેગામમાં દીપડો પાંજરે પુરાયો


કેરસી બારીયા

**બે** દિવસ અગાઉ ફણસનાં વૃક્ષ ઉપર બપોરે આરામ ફરમાવતો દેખાયો હતો

બીલીમોરા : ગણદેવી તાલુકાના વેગામમાં મંગળવાર સવારે પાંચ વર્ષનો દીપડો પાંજરે પુરાયો હતો. બે દિવસ અગાઉ વાડીમાં ફણસનાં વૃક્ષ ઉપર બપોરે આરામ ફરમાવતો દેખાયો હતો. જે બાદ પાંજરું ગોઠવાયુ હતું.

ગણદેવી તાલુકામાં નદીઓ અને બાગાયતી વાડીની ઠંડક વન્યપ્રાણીઓ માટે અનુકૂળ આશ્રય સ્થાન છે. ખોરાકની શોધમાં દીપડા રહેણાંક વિસ્તારો તરફ આવી રહ્યા છે. વેગામ ગામે પંચાયત ઓફિસથી પૂર્વ વિસ્તારમાં જયેશ ધીરજલાલ નાયક (હાલ રહે. નવસારી) ની ચીકુ આંબા વાડી આવેલી છે. અહીં ફણસનાં વૃક્ષ ઉપર ભરબપોરે આરામ ફરમાતા દીપડાને જોઈને શ્રમજીવીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. જે અંગે સરપંચ ભુપેન્દ્ર પટેલ સહિત અગ્રણીઓએ વન વિભાગને જાણ કરતા પાંજરું ગોઠવી મરઘાંનું મારણ મુકાયું હતું. જેની લાલચમાં કદાવર દીપડો પાંજરે પુરાયો હતો. જેને જોવા લોક ટોળા ઉમટી પડ્યા હતા.

### આંબા વાડીમાં લટાર મારતો વધુ એક દીપડો દેખાયો

કછોલી ગામથી અંચેલી ગામ તરફ જતા માર્ગ પરની આંબા વાડીમાં લટાર મારતા વધુ એક દીપડાનો સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયો હતો. જેને પગલે આ માર્ગ ઉપર ભયનો માહોલ જોવાઇ રહ્યો છે.

Muthoot Homefin

Muthoot Homefin (India) Ltd.

CIN- U65922KL2011PLCO29231

કોર્પોરેટ ઓફિસ: મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિ., 19/ઈ, ધ રુબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ નજીક, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.

શાખા ઓફિસ: સી/ઓ. મુથુટ હોમફિન (ઈ) લિ., પહેલો માળ, પ્રેમાઈસિસ નં. 1 અને 2, શાંતિ કોમ્પ્લેક્સ, રિલાયન્સ મોલ નજીક, ગુંજન રોડ, જીઆઈડીસી, વાપી - 396000, ગુજરાત.

શાખા ઓફિસ: મુથુટ હોમફિન (ઈ) લિ., 503, સેફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ નજીક, અડાજણ, સુરત ગુજરાત - 395009.

**પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6) ની જોગવાઈ જુઓ]**

**પ્રાઈવેટ ટ્રીટી દ્વારા વેચાણ માટે જાહેર નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નીચે જણાવેલ અસ્કયામતનો કબ્જો મેળવ્યાને અનુસરીને, દેવાદાર/ઓ પાસેથી બાકી રકમ વસૂલવા માટે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ખરીદવા માટે સીલબંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે ‘જે જ્યાં છે ત્યાં’, ‘જેવું છે તેવું’ અને ‘જે કંઈ પણ છે તેવું’ના ધોરણે અધિકૃત અધિકારીના કબજામાં છે, જેની વિગતો નીચે મુજબ છે:-

| અ. નં. | ધિરાણ લેનાર(ઓ)/ સહ-ધિરાણ લેનાર (ઓ)/ જામીનદાર (ઓ)/ લોન ખાતા નંબર/શાખા | માગણી નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત | ઈ.એમ.ડી. રકમ (10% RP) |
|---|---|---|---|---|---|
| 1. | અમિતકુમાર અશોક રાજપૂત/ જાગૃતિ અમિત રાજપૂત/ 004-00401196/ સુરત | 10-સપ્ટેમ્બર-2019 રૂ. 8,74,930/- (રૂપિયા આઠ લાખ ચુમોત્તેર હજાર નવસો ત્રીસ માત્ર.) | બી- 402 અક્ષર પેલેસ સોસાયટી, પલસાણા ગામ નજીક, પલસાણા, સુરત, ગુજરાત- 394315 | રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ માત્ર.) | રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર માત્ર.) |
| 2. | અશ્વિની વેદાંત મિશ્રા/ મમતા જેનાથ મિશ્રા/ 004-00405461/ સુરત | 23-સપ્ટેમ્બર-2025 રૂ. 4,15,769/- (રૂપિયા ચાર લાખ પંદર હજાર સાતસો ઓગણસિત્તેર માત્ર.) | ફ્લેટ નં. 415, ચોથા માળે ક્ષેત્રફળ 276 ચો. ફૂટ એટલે કે 25.66 ચો. મીટર કાર્પેટ એરિયા અને 306 ચો. ફૂટ એટલે કે 28.44 ચો. મીટર બિલ્ટ અપ એરિયા અને 460 ચો. ફૂટ એટલે કે 42.76 ચો. મીટર સુપર બિલ્ટ અપ એરિયા, સાથે “માધવ કોમ્પ્લેક્સ ઓફ સાઈબાબા નગર” ની જમીનમાં 4.72 ચો. મીટર અવિભાજિત હિસ્સો, બ્લોક નં. 123 માં સ્થિત ક્ષેત્રફળ ગુંઠા 2-29 આકાર રૂ. 17.99 પૈસા, પૈકી પ્લોટ નં. 58, 59, 60, 61, 64, 65, 66 અને 67 કૂલ ક્ષેત્રફળ 445.84 ચો. મીટર “સાંઈ બાબા નગર” માં, મોજે દેલાડ, તા. ઓલપાડ, જી. સુરત. સરહદો: ઉત્તર- 20 ફૂટ રોડ, દક્ષિણ- 20 ફૂટ રોડ, સાઉથ- 20 ફૂટ રોડ, વેસ્ટ- 15 ફૂટ રોડ. | રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ માત્ર.) | રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર માત્ર.) |
| 3. | હિરેનભાઇ મનસુખભાઇ કાવા / વિશ્વ હિરેનભાઇ કાવા / 004-00403487 / સુરત | 21-જુલાઈ-2025 રૂ. 6,03,670/- (રૂપિયા છ લાખ ત્રણ હજાર છસો સિત્તેર પૂરા). | ફ્લેટ નં. A-503, શ્યામ પેલેસ બિલ્ડિંગ નં. A, વેડ નગરી કામરેજ કેનાલ રોડ, હંસ રેસીડેન્સી સામે, કામરેજ, સુરત, સ્ટેટ- ગુજરાત, પિનકોડ- 394185. સીમાઓ: ઉત્તર- સી.ઓ.પી., દક્ષિણ- ઇન્ટરનલ રોડ, પૂર્વ- રોડ, પશ્ચિમ- પ્લોટ નં. 30 | રૂ. 2,30,000/- (રૂપિયા બે લાખ ત્રીસ હજાર પૂરા). | રૂ. 23,000/- (રૂપિયા ત્રેવીસ હજાર પૂરા). |
| 4. | ક્રિષ્નાકુમાર પંચમ કેવટ / અંજુદેવી ક્રિષ્નાકુમાર કેવટ / 004-00401990 / સુરત | 22-ડિસેમ્બર-2025 રૂ. 4,84,706/- (રૂપિયા ચાર લાખ ચોર્યાસી હજાર સાતસો છ પૂરા). | ફ્લેટ નં. G-2, ક્ષેત્રફળ 530 ચો.ફૂટ (એટલે કે 49.25 ચો.મીટર સુપર બિલ્ટઅપ એરિયા અને 318 ચો.ફૂટ એટલે કે 29.55 ચો.મીટર બિલ્ટઅપ એરિયા સાથે 12.00 ચો.મીટર જમીનમાં અવિભાજિત હિસ્સો), સિદ્ધિ વિનાયક રેસિડેન્સી, હરિહંત પાર્ક સોસાયટી- 2, સર્વે નં. 133, બ્લોક નં. 137/a, હિસ્સા નં. 3, પૈકી પ્લોટ નં. 120 થી 122 અને 123, મોજે ગામ કડોદરા, તા. પલસાણા, જિલ્લો: સુરત, કડોદરા કોસ રોડ નજીક, પલસાણા, સુરત. | રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ પૂરા). | રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર પૂરા). |
| 5. | મનોજ કુમાર રાજ કરણ ગુપ્તા / રૂપા મનોજ કુમાર ગુપ્તા / 059-05900069 / વાપી | 20-માર્ચ-2025 રૂ. 28,80,382/- (રૂપિયા અઠ્ઠાવીસ લાખ એંસી હજાર ત્રણસો બ્યાંસી પૂરા). | પ્લોટ નં. 46/2, શ્રી દત્ત રેસિડેન્સી, જૂજ ધામ નજીક, ખામભલા ઝાંપા, માનપુર રોડ, વાંસદા સિટી, નવસારી, સ્ટેટ ગુજરાત- 396580. સેલ ડીડ રજિસ્ટર્ડ નં. 127-2018 તારીખ 23/03/2018 પ્રમાણે સબ રજિસ્ટ્રાર વાંસદાની કચેરીમાં દર્શાવ્યા મુજબ. સીમાઓ: ઉત્તર- સોસાયટી રોડ, દક્ષિણ- ઓપન પ્લોટ, પૂર્વ- ઓપન પ્લોટ, પશ્ચિમ- ઓપન પ્લોટ. | રૂ. 5,00,000/- (રૂપિયા પાંચ લાખ પૂરા). | રૂ. 50,000/- (રૂપિયા પચાસ હજાર પૂરા). |
| 6. | નીલાક્ષી વિજયકુમાર શર્મા / વિજયકુમાર હરિ શર્મા / 004-00403531 / સુરત | 22-માર્ચ-2022 રૂ. 5,57,636/- (રૂપિયા પાંચ લાખ સત્તાવન હજાર છસો છત્રીસ પૂરા). | ફ્લેટ નં. 105, પહેલો માળ, હરિ ક્રિષ્ના, સાઈ વાટિકા રો હાઉસ વિભાગ- 2, ઓફ- સુરત બારડોલી હાઈવે, બગુમરા, પલસાણા, સુરત- 394327. | રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ પૂરા). | રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર પૂરા). |
| 7. | સુરેશ વિઠ્ઠલ પટા/સોની સુરેશ પથાલે / 004-00403999 / સુરત | 26-ડિસેમ્બર-2020 રૂ. 5,74,576/- (રૂપિયા પાંચ લાખ ચુમોત્તેર હજાર પાંચસો છ્યોતેર પૂરા). | ફ્લેટ નં. 207, બીજો માળ, શિવાલિક રેસિડેન્સી, સુરત બારડોલી રોડ, તાતીથૈયા, પલસાણા, સુરત, ગુજરાત- 394305. સેલ ડીડ રજિસ્ટર્ડ નં. 10186/2018, તારીખ 21/04/2018 પ્રમાણે સબ રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં દર્શાવ્યા મુજબ. સીમાઓ: ઉત્તર- ઓપન પ્લોટ, દક્ષિણ- પેસેજ નં. 204, પૂર્વ- ફ્લેટ નં. 208, પશ્ચિમ- ફ્લેટ નં. 206. | રૂ. 1,00,000/- (રૂપિયા એક લાખ પૂરા). | રૂ. 10,000/- (રૂપિયા દસ હજાર પૂરા). |
| 8. | વિજયકુમાર રામકેર રામ / શશીકલા વિજય રામ / 004-00403560 / સુરત | 24-જૂન-2025 રૂ. 3,60,224/- (રૂપિયા ત્રણ લાખ સાઠ હજાર બસો ચોવીસ પૂરા). | ફ્લેટ નં. 103, પહેલો માળ, શાલિભદ્ર રેસિડેન્સી, ડી.એમ. નગર, વિરાજ કોમ્પ્લેક્સ પાસે, સચિન- પાલી રોડ, પાલી, સચિન, સુરત, પિનકોડ- 394230. સીમાઓ: ઉત્તર- અડીને આવેલ પ્લોટ, દક્ષિણ- ફ્લેટ નં. 105, પૂર્વ- સીડી, પશ્ચિમ- પ્લોટ નં. 102. | રૂ. 1,70,000/- (રૂપિયા એક લાખ સિત્તેર હજાર પૂરા). | રૂ. 17,000/- (રૂપિયા સત્તર હજાર પૂરા). |
| 9. | વીરેન્દ્ર મહેન્દ્ર શર્મા / નીલમ વીરેન્દ્ર શર્મા / 004-00405664 / સુરત | 26-ઓગસ્ટ-2023 રૂ. 6,63,311/- (રૂપિયા છ લાખ ત્રેસઠ હજાર ત્રણસો અગિયાર પૂરા). | ફ્લેટ નં. 405, ચોથો માળ, ગોકુલ રેસિડેન્સી, ઉભેળ, કડોદરા હાઈવે પાસે, કડોદરા, પલસાણા, સુરત, સુરત, ગુજરાત- 394325. | રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ પૂરા). | રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર પૂરા). |

1. હરાજી “જેવું છે જ્યાં છે” અને “જેવું છે જે સ્થિતિમાં છે”ના ધોરણે યોજવામાં આવી રહી છે.
2. હરાજીના વેચાણની વિગતવાર શરતો અને નિયમો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ છે, જે ઉપરોક્ત પ્રાદેશિક કાર્યાલયમાંથી મેળવી શકાશે.
3. નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં ઈ.એમ.ડી. (EMD) સાથે સીલબંધ બીડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 08-સપ્ટેમ્બર-2026ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી ‘મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ’ના નામે બનાવેલા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા, સાથે KYC સાથે ઉપરોક્ત પ્રાદેશિક કાર્યાલયના સરનામે જમા કરાવવાની રહેશે. ટેન્ડર પૂર્ણ ન ભરેલા હોય અથવા છેલ્લી તારીખ પછી મળશે તો તેને અમાન્ય ગણીને રદ કરવામાં આવશે. ઈ.એમ.ડી. પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતનું નિરીક્ષણ 07-સપ્ટેમ્બર-2026ના રોજ બપોરે 01:00 વાગ્યાથી 03:00 વાગ્યા સુધી કરી શકાશે.
5. મિલકત માટે બીડ/ઓફર ઓક્શન ડેટ ખોલવાની તારીખ 09-સપ્ટેમ્બર-2026ના રોજ બપોરે 01:00 વાગ્યે ઉપરોક્ત બ્રાન્ચ ઓફિસના સરનામે અધિકૃત અધિકારી દ્વારા કરવામાં આવશે.
6. MHIL કોઈપણ વૈધાનિક નોટિસ અને બોજ/ટેક્સ બાકી રકમ માટે જવાબદાર રહેશે નહીં. જો કોઈપણ રકમ બાકી હોય તો તે સફળ ખરીદદારે ચૂકવવાની રહેશે. ખરીદદારે મિલકતના ટાઇટલ અંગેની પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ અને જાતે ખાતરી કરવી જોઈએ.
7. સર્વોચ્ચ બીડર MHILની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારીને કોઈપણ કારણ આપ્યા વિના મળેલી કોઈપણ ઓફર/બીડને સ્વીકારવાનો કે અસ્વીકાર કરવાનો અધિકાર રહેશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. કરજદાર(ઓ)/જામીનદાર(ઓ)ને સરફેસી એક્ટ, 2002 હેઠળ 15 દિવસની સેલ નોટિસ આપવામાં આવે છે કે હરાજી નિષ્ફળ જવાની સ્થિતિમાં ઉપરોક્ત રકમ વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો કરજદાર હરાજીની તારીખ પહેલાં સંપૂર્ણ રકમ ચૂકવી દેશે તો વેચાણ રદ કરવામાં આવશે.

વધુ વિગતો માટે, ઉપરોક્ત બ્રાન્ચ ઓફિસના સરનામે અધિકૃત અધિકારી, સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ- 9737057744 નો સંપર્ક કરવો.

તારીખ: 19 ઓગસ્ટ, 2026
સ્થળ: સુરત

સહી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ